# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-05-2025** **Day:** Monday **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી: કચ્છી મુલાકાત

**ઓપરેશન સિંદૂર બાદ પ્રથમવાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવ્યા છે. સેનાના શૌર્યને બિરદાવવા વડોદરામાં શ્રી મોદીએ રોડ શો કર્યો ત્યારબાદ દાહોદમાં દેશના પ્રથમ લોકોમોટિવ એન્જિનના લોકાર્પણ સહિત 24 હજાર કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું અને સાબરમતીથી વેરાવળની વંદેભારત ટ્રેનને લીલી ઝંડી આપી હતી.**

**ભુજ ખાતે પધારેલા પ્રધાનમંત્રીએ બપોરે હીલગાર્ડનથી સભા મંડપ સુધી ભવ્ય રોડ શો યોજ્યો હતો. રોડ શો દરમિયાન મોટી સંખ્યામાં લોકોએ પ્રધાનમંત્રીને આવકાર્યા હતા.**

**મિરજાપર રોડ ખાતે જાહેરસભાના સ્થળેથી પ્રધાનમંત્રીએ 53 હજાર કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત થતા લોકાર્પણ કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણની શરૂઆત કચ્છીમાં કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના વક્તવ્યમાં આતંકવાદ અને પાકિસ્તાન વિશે વાત કરતા કહ્યું કે અમે રાહ જોઇ કે પાકિસતાન આત઼કવાદ સામે કોઇ કાર્યવાહી કરશે. પણ કદાચ આતંકવાદ જ તેની રોજીરોટી છે. જ્યારે તેને કંઇ ન કર્યું પછી મે દેશની સેનાને ખુલ્લી છૂટ આપી. ભારતના ટાર્ગેટ પર આતંકવાદીઓના હેડક્વાર્ટર હતા. સેંકડો કિલોમીટર અંદર જઇને સીધો હુમલો કરીને આવી ગયા. આ દર્શાવે છે કે આપણી સેના કેટલી સક્ષમ અને અનુશાસિત છે. અમે દુનિયાને દુખાડ્યુ કે અમે આતંકવાદના અડ્ડાને અહીં બેઠા બેઠા મિટ્ટીમાં મિલાવી શકીએ છીએ.**

પોતાના વક્તવ્યમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અનેક મુદ્દાઓ પણ વાત કરી. આ અંગે વધુ માહિતી આપે છે અશરફ નથવાણી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભુજમાં જાહેરસભાને સંબોધન કરતા શરૂઆતમાં "મુજા સરહદ જા સંત્રી કચ્છી માડુ કી અયો" એટલે કે મારા સરહદના સંત્રી કચ્છી માડુ કેમ છો થી પોતાના વક્તવ્યની શરૂઆત કરી હતી.

બાઈટ.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

તેમણે કહ્યું કે, મારો કચ્છ સાથે જુનો નાતો છે કચ્છના લોકોનો પ્રેમ મને અહિયાં ખેંચી લાવે છે. શ્રી મોદીએ કહ્યું કે, મુખ્યમંત્રી બનતા પહેલા પણ સતત કચ્છ આવવાનું થયું છે. અને હું કચ્છના ખૂણે ખૂણેથી વાકેફ છું.

નર્મદાના પાણીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, નર્મદાનું પાણી જ્યારે કચ્છમાં આવ્યું ત્યારે અહિયાં જાણે દિવાળી જેવો માહોલ બની ગયો હતો.

બાઈટ.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

તેમણે કહ્યું કે, કચ્છમાં પાણી ન હતું પણ કચ્છના ખેડૂતો પાણીદાર રહ્યા છે. આશા અને નિરંતર પરિશ્રમથી આપત્તિને અવસરમાં પરિવર્તિત કરી શકાય છે તે કચ્છે સાબિત કર્યું છે તેમ પણ શ્રી મોદીએ કહ્યું હતું. કચ્છના ખમીરની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે, હવે કચ્છ નો ક અને ખમીર નો ખ એમ બાળકોને ભણાવવું પડશે.

બાઈટ.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

પ્રધાનમંત્રીએ આજે વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું એ વિશે વાત કરતા કહ્યું કે, આનાથી કચ્છના વિકાસને વધુ ગતિ મળશે. તેમણે ગ્રીન હાઈડ્રોજનનો ખાસ ઉલ્લેખ કર્યો હતો.

બાઈટ.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

શ્રી મોદીએ કહ્યું કે, વિશ્વના સૌથી મોટા સોલાર પાવર પ્રોજેક્ટનું કચ્છમાં નિર્માણ થઇ રહ્યું છે. કચ્છનું રણ એ રણ નથી પણ આપણા ગુજરાતનું તોરણ છે.

*બાઈટ.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી*

*કંડલા બંદરના વિકાસકાર્યોની વિશે જણાવતા પ્રધાનમંત્રીએ કચ્છમાં વહાણવટા ક્ષેત્રે થયેલી પ્રગતિની વાત કરી હતી અને મુન્દ્રા તેમજ માંડવીનો પણ ઉલ્લેખ કર્યો હતો. શ્રી મોદીએ કચ્છની વિવિધ હસ્તકળાઓના વખાણ કરતા કહ્યું કે, કચ્છની હસ્તકળાએ પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.*

*કચ્છની ખેતીની વાત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું એ, નર્મદાના પાણીએ કચ્છની કિસ્મત બદલી નાખી છે. કચ્છના પ્રવાસનની વાત કરતા શ્રી મોદીએ કહ્યું કે, કચ્છમાં ઈતિહાસ, સંસ્કૃતિ અને પ્રકૃતિનો સુભગ સમન્વય છે. તેમણે સ્મૃતિવન, ધોરડો, માંડવી, વગેરેનો ઉલ્લેખ કર્યો હતો.*

*ઓપરેશન સિંદૂરની વાત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, આંતકવાદ સામે ભારતની નીતિ ઝીરો ટોલરન્સની છે. ઓપરેશન સિંદૂરે હવે આ નીતિને વધુ સ્પષ્ટ કરી છે. જો કોઈ ભારતીયોની લોહી વહેવડાવવાનો પ્રયત્ન કરશે તો તેને તેની ભાષામાં જ જવાબ આપવામાં આવશે.*

**-------------------------------------------------------------------------------------**

## <u>પ્રધાનમંત્રી શાસનના કાર્યકાળના અગિયાર વર્ષ પૂર્ણ</u>

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેમના શાસનના કાર્યકાળના અગિયાર વર્ષ પૂર્ણ કર્યા છે. આજના દિવસે વર્ષ 2014 માં શ્રી મોદીએ ભારતના પ્રધાનમંત્રી પદનો હોદ્દો ગ્રહણ કર્યો હતો.. દેશના મતદારોએ ભાજપની સરકારને સ્પષ્ટ બહુમતી આપીને 30 વર્ષના જોડાણની સરકારના સમયગાળાનો અંત આણ્યો હતો. દેશના આધુનિક રાજકીય ઇતિહાસમાં આ ઘટનાને એક મહત્વના રાજકીય વળાંક તરીકે ગણાય છે.**

**-------------------------------------------------------------------------------------**